એસોપની દંતકથાઓ

એસોપની દંતકથાઓ

એસોપની દંતકથાઓ ઘણા રૂપમાં સામે આવી છે કારણકે એ અઢી હજાર વર્ષો પહેલા લખવામાં આવી હતી. સોક્રેટીસે એમાંથી ઘણી વાર્તાઓ પર કવિતા લખી છે, અને લેખકો આજે પણ એને સુશોભિત કરી રહ્યા છે.

સિંહની ખાલમાં ગધેડો



ગધેડાને ક્યાંકથી સિંહની ખાલ મળી ગઈ. એણે એને પહેરી લીધી. પછી એ લોકોને ડરાવતો ચાલતો ગયો.

એને જોતાજ બધા ડરના માર્યા ભાગવા લાગ્યા. એને એ સિંહ લાગતો હતો.

થોડા સમય પછી ગધેડો વિચારવા
લાગ્યો કે એ હકીકતમાં સિંહ છે.
એણે ગર્જના કરવા એનું મોઢું ખોલ્યું,

પણ ફક્ત
હોંચી! હોંચી!
જ અવાજ નીકળ્યો
...



"અચ્છા, તો આ તું હતો?"
શિયાળે કહ્યું. "તે મને ત્યાં
સુધી બેવકૂફ બનાવ્યો જ્યાં
સુધી તે તારું મોઢું ખોલ્યું
નહીં."

ક્યારેક પોતાનું મોઢું બંધ રાખીને
લોકો વધારે સન્માન મેળવી શકે છે.

સ્નાન કરતો છોકરો



એક છોકરો નદીમાં સ્નાન કરતી વખતે ઊંડા પાણીમાં જતો રહ્યો. એ ડૂબી રહ્યો હતો.

એક માણસે મદદ માટે એ છોકરાનો રડવાનો અવાજ સાંભળ્યો. માણસ નદી કિનારે આવ્યો અને છોકરાને આવી બેદરકારી માટે ખીજાવા લાગ્યો. "અરે સર," છોકરાએ કહ્યું, "કૃપા કરીને મને પહેલા બચાવો, પછી ખીજાજો."

સંકટમાં સહાયતા કરો, સલાહ ન આપો.

કૂતરો અને એનો પડછાયો

એક કૂતરાને એનું મનપસંદ હાડકું મળ્યું.
એ એને ઘરે લઈ જઈ રહ્યો હતો.

પૂલ પાર કરતા એણે પાણીમાં
એનું પ્રતિબિંબ જોયું.

એને લાગ્યું કે પાણીમાં હતો
એ કૂતરા પાસે એનાથી પણ
મોટું હાડકું હતું.

એણે બીજા કૂતરાનું હાડકું છીનવાની કોશિશ કરી, પણ એ દરમ્યાન એનું પોતાનું હાડકું પાણીમાં પડી ગયું.

અને હવે એની પાસે કોઈ હાડકું ન હતું, કારણકે એ ફક્ત એક પ્રતિબિંબ જોઈ રહ્યો હતો. અને હવે એનું હાડકું પણ પાણીમાં ડૂબી ગયું હતું.

પ્રતિબિંબ પકડવાની કોશિશમાં ક્યાંક તમે અસલી વસ્તુ પણ ન ખોઈ બેસો.

શિયાળ અને કાગડો



એક કાગડો ડાળ પર બેઠો હતો.
એની ચાંચમાં પનીરનો એક ટુકડો હતો.

નીચે ઉભેલું શિયાળ
પનીર ચાહતું હતું.
પનીર કેવી રીતે
મેળવવું એવું એ
જાણતું હતું.

"કેટલું સુંદર પક્ષી છે!" શિયાળે
જોરથી કહ્યું, જેથી કાગડો એની
વાત સાંભળી શકે. "નિશ્ચિત રૂપથી
એ પક્ષીનો અવાજ પણ બહુ
કર્ણપ્રિય હશે. એનું ગાયન
સાંભળીને મને કેટલું સારું
લાગશે."





મૂરખ પક્ષીએ ગાવા માટે તરત એનું મોઢું ખોલ્યું. પણ એના મોઢામાંથી ફક્ત "કા" નીકળ્યું અને પનીર પણ.

શિયાળે પનીર ખાતા-ખાતા કહ્યું, "મેડમ, તમારો અવાજ બહુ સરસ છે, પણ તમારામાં અક્કલની ઊણપ છે."

ખુશામતથી મૂરખ ન બનો.

શિયાળ અને દ્રાક્ષ

એક ભૂખ્યા શિયાળને એક ઊંચા વેલા પર મોટી અને રસીલી દ્રાક્ષ દેખાઈ.

એણે દ્રાક્ષ તોડવાની ઘણી મહેનત કરી, પણ એ એની પહોંચની બહાર હતી.

દ્રાક્ષ તોડવાની
સખત મનાઈ છે.

અંતે શિયાળને દ્રાક્ષ ખાવાનો
ઈરાદો છોડી દેવો પડયો.

એની નિરાશા છુપાવતા એણે કહ્યું,
"મને એ દ્રાક્ષ નથી જોતી, એ દ્રાક્ષ
ખાટી છે."

લોકોને જે મળતું નથી, એને એ
ગમતું નથી એવો ડોળ કરે છે.

મચ્છર અને બળદ

મચ્છર એક બળદના શીંગડા પર બેસી ગયું અને ઘણી વાર સુધી ત્યાં આરામ કરતું રહ્યું.

અંતે જયારે મચ્છર ઊડવાની તૈયારી કરવા લાગ્યું, તો એણે કહ્યું, "મને માફ કરો, મારે હવે જવાનું છે."

"ભલે," બળદે કહ્યું, "તું આવ્યું ત્યારે મને ખબર નહોતી પડી, અને તું જતું રહીશ ત્યારે પણ હું તને યાદ નહીં કરું."

બીજાની તૂલનામાં આપણે ક્યારેક પોતાને અધિક મહત્વ આપીયે છીએ.

બતક અને સોનાના ઈંડા

એક માણસ અને એની પત્ની બહુ ભાગ્યશાળી હતા. એની પાસે સોનાના ઈંડા આપવાવાળું એક બતક હતું.

જોકે એ ભાગ્યશાળી હતા, પણ એને લાગતું હતું કે એ બહુ જલ્દી અમીર નહોતા થઈ રહ્યા - કારણકે એનું બતક એક દિવસમાં ફક્ત એક ઈંડુ જ આપતું હતું.

એણે કલ્પના કરી કે કદાચ બતકનું પેટ સોનાનું બનેલું હશે. એણે બતકને મારીને એક જ વારમાં બધું સોનુ મેળવવાનો ફેંસલો કર્યો. પણ જયારે એણે બતકને કાપ્યું તો એણે જોયું કે એ બતક પણ કોઈ પણ અન્ય બતક જેવું જ હતું.

રાતે જમવામાં એમણે શેકેલું બતક ખાધું. વધારે લાલચમાં એમણે પોતાનું બધું ખોઈ દીધું.

જે તમારી પાસે છે, એમાં ખુશ રહો.

ગોવાળણ અને એની બાલદી



ગોવાળણ એના માથા પર દૂધની બાલદી લઈને જઈ રહી હતી. એ વિચારી રહી હતી કે દૂધનું એ શું કરશે.

"હું આ દૂધને વલોવીને માખણ કાઢીશ," એણે વિચાર્યું. "પછી હું માખણ વેચીને થોડા ઈંડા ખરીદીશ."

"એ ઇંડામાંથી થોડા સમયમાં મરઘડાં નીકળશે અને થોડા સમયમાં મારી પાસે મરઘીઓ હશે."

"હું મરઘીઓને વેચીને
મારે માટે એક સુંદર
પોશાક ખરીદીશ. બધા
છોકરા મારો શાનદાર
પોશાક જોઈને મારી સાથે
નૃત્યુ કરવા ચાહશે. પણ હું
ના-ના કહીશ અને આવી
રીતે મારું માથું હલાવીશ."

અને બાલદી માથા પર છે એ ભૂલીને એણે
જોરથી એનું માથું હલાવ્યું.

મરઘડાં જન્મે નહીં ત્યાં સુધી એને
ગણો નહીં.

બળદ અને દેડકો

થોડા દેડકાએ એક બળદને જોયો.
"એ કેટલો મોટો છે!" એકે કહ્યું.

"જો હું કોશિશ કરું તો હું
એનાથી પણ મોટો થઈ
શકું છું," પોતાને
ફુલાવતા બીજાએ કહ્યું.
"શું હું એ બળદ જેટલો
મોટો નથી?"

"જરાય નહીં," એના મિત્રએ
કહ્યું. ડિંગ મારવાવાળા
દેડકાએ એક ઊંડો શ્વાસ
લીધો.

"બળદ તારાથી મોટો છે," એના મિત્રએ કહ્યું.

પછી ઘમંડી દેડકો
શ્વાસ અંદર ખેંચી-
ખેંચીને મોટો અને
વધારે મોટો થતો
ગયો.



"બળદ હજી પણ તારાથી મોટો
છે," એના મિત્રએ કહ્યું.

એ સાથે દેડકાએ એક
ખુબ ઊંડો શ્વાસ લીધો ...
અને એ ફાટી પડયો!

જે બહુ ડિંગ હાંકે છે એની હવા
વહેલી કે મોડી નીકળી જાય છે.

ભરવાડ અને વરુ

એક ભરવાડના છોકરાએ પાસેના ગામના લોકો સાથે મજાક કરવાનું વિચાર્યું. એણે ચીસ પાડી:

ઘેટાંને બચાવવા માટે લોકો દોડીને આવ્યા. પણ એને ત્યાં કોઈ વરુ દેખાયું નહીં.

ભરવાડના છોકરાને એ બહુ હાસ્યાસ્પદ લાગ્યું અને એણે એ જ મજાક પાછી ઘણી વાર કરી.

એક દિવસ ખરેખર એક વરુ આવ્યું. છોકરાએ જોરથી બૂમ પાડી, "વરુ! વરુ!" પણ લોકો એના જૂઠાણાંથી ટેવાઈ ગયા હતા, એટલે કોઈએ એની બૂમ પર ધ્યાન ન આપ્યું.

અને વરુએ ઘેટાં સાથે એજ કર્યું જે વરુ ઘેટાં સાથે સાધારણ રીતે કરે છે.

કોઈ ખોટું બોલનારો સાચું પણ બોલતો હોય
તો પણ લોકો એની વાત પર વિશ્વાસ નહીં કરે.

શહેરી ઉંદર, દેશી ઉંદર

એક શહેરી ઉંદર એના પિતરાઈ ભાઈ દેશી ઉંદરને મળવા ગયો. દેશી ઉંદર સાવ સાધારણ જીવન જીવતો હતો. "શું તું ફક્ત આ જ ખાય છે?" શહેરી ઉંદરે પૂછ્યું. "હું શહેરમાં એક રાજાની જેમ રહું છું! તું મારી સાથે આવીને રહેતો કેમ નથી?"



એટલે જ્યારે શહેરી ઉંદર ઘરે પાછો ફર્યો, તો દેશી ઉંદર પણ એની સાથે શહેર ગયો. દેશી ઉંદરે એના આખા જીવનમાં ક્યારેય આટલી સારી વસ્તુઓ ખાધી ન હતી!



પણ જેટલી વાર એ ભોજન કરવા બેસતા,
તો કોઈ અંદર આવતું અને ઉંદરોને જીવ
બચાવવા ભાગવું પડતું.



"હું ઘરે પાછો જઈ રહ્યો છું!" દેશી ઉંદરે શહેરી ઉંદરને કહ્યું. "ગામમાં ભલે ખાવાનું આટલું વિવિધ ન હોય, પણ હું એને શાંતિથી ખાઈ શકું છું."

શાંતિથી ખાધેલી સૂકી રોટલી
પણ ભયમાં ખાધેલી મિજબાની
કરતા સારી.

વરુ અને હંસ

એક વરુના ગળામાં એક હાડકું ફસાઈ ગયું. એણે હાડકું કાઢવા માટે હંસને ઇનામ આપવાનો વાયદો કર્યો.

હંસે એનું માથું વરુના મોઢામાં નાખ્યું. એની લાંબી ચાંચથી એણે સરળતાથી હાડકું બહાર કાઢી લીધું.



પણ જયારે એણે એનું ઇનામ માંગ્યું, તો વરુએ એના દાંત કાઢ્યા અને હંસને કહ્યું:

"તેં તારું માથું વરુના મોઢામાં નાખ્યું અને તો પણ તું જીવતું છે. એનાથી મોટું ઇનામ તું શું માંગી શકે છે?"

નીચ લોકો સાથે વ્યવહારમાં જો તમારું માથું સલામત રહે તો તમે નસીબદાર છો એમ માનજો.

ઘેટાંની ખાલમાં વરુ

એક વરુએ ઘેટાંની ખાલ ઓઢી લીધી જેથી
એ ઝુંડમાં ઘુસીને ઘેટાંનો શિકાર કરી શકે.

ગોચરમાં જયારે ઘેટાં ચરી રહ્યા હતા,
ત્યારે એ એના ઝુંડમાં ભળી ગયું.

ઘેટાંની ખાલ પહેરીને વરુએ
ભરવાડને સારી રીતે છેતર્યો.

સાંજે બીજા ઘેટાંની સાથે એને પણ વાડામાં બંધ કરી દેવામાં આવ્યું. "આજે રાતે હું સારી રીતે ખાઈ શકીશ," વરુ બોલ્યું. પણ ત્યાં ભરવાડ બીજા દિવસ માટે માંસ લેવા પાછો ફર્યો.

ભૂલમાં વરુને ઘેટું સમજીને ભરવાડે એને સ્થળ પર જ મારી નાખ્યું.

મુસીબત શોધવા ન જાઓ. કદાચ બીજી કોઈ મુસીબત તમારે માથે આવી પડશે.

સમાપ્ત